### વાડી ખાતે મસ્જિદમાં ટ્રસ્ટીઓના નામ મુદ્દે હોબાળો

# મીટિંગ બરખાસ્ત લખવા જતાં વકીલ પર ટોળાનો હુમલો, ૧૦ સામે ગુનો દાખલ

વડોદરા, તા. 10 વડોદરાના તાઈવાડા વિસ્તારમાં આવેલી મહેદવીયા મસ્જિદ ખાતે ટ્રસ્ટીઓના નામ જાહેર કરવા અંગે યોજાયેલી મીટિંગમાં હોબાળો થયા બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હોવાની ફરિયાદ વાડી પોલીસ મથકે નોંધાઈ છે. મીટિંગ બરખાસ્ત થયાની જાણકારી નોટિસ બોર્ડ પર લખવા ગયેલા વકીલ અને તેમના બે મિત્રો સાથે કેટલાક શખ્સોએ ગાળાગાળી કરી મારામારી કરી હતી. વકીલને નીચે પાડી મોઢા અને છાતીના ભાગે લાતો મારવામાં આવી હોવા ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. વાડી વિસ્તારમાં રહેતા વકીલ મુસ્તકીન મહેદી હુસેન ઢાલે નોંધાવેલી ફરિયાદ મુજબ તા. 9 ઓગસ્ટની રાત્રે મસ્જિદના પ્રથમ માળે સમાજની મીટિંગ મળી હતી. મસ્જિદના વાર્ષિક હિસાબો રજૂ કર્યા બાદ નવા ટ્રસ્ટીઓના નામ જાહેર કરવામાં આવતા સમાજના કેટલાક લોકોએ તેનો વિરોધ કર્યો હતો. જેને પગલે મીટિંગમાં હોબાળો થતાં પોલીસને બોલાવવામાં આવી હતી. અંતે નવા ટ્રસ્ટીઓની નિમણૂક કર્યા વિના મીટિંગ બરખાસ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ તા. 10 ઓગસ્ટના રોજ રાત્રે આશરે 12.15 વાગ્યે વકીલ મુસ્તકીન મહેદી હુસેન ઢાલે તેમના મિત્રો આશીફહુસેન વાડીવાલા અને નઈમમહેંદી બાંડવાલા સાથે મસ્જિદના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા નોટિસ બોર્ડ પર મીટિંગ બરખાસ્ત થયાની જાણકારી લખવા ગયા હતા. તે સમયે જમીલ ઈબ્રાહીમભાઈ ભરુચીએ શું લખવાના છો તેમ પૂછ્યું હતું. આ દરમિયાન સલીમહુસેન મહંમદભાઈ બાજેવાલાએ ઉશ્કેરાઈને 'શું લખશે, તેના હાથ-પગ તોડી નાખો' તેમ કહી હાજર સમર્થકોને ઉશ્કેર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. ત્યારબાદ ઈશરાર ડેલાવાલા, આબીદ ઈસ્માઈલભાઈ લાંબાવાલા, ઈરફાન ઈસ્માઈલભાઈ લાંબાવાલા, જમીલ ઈબ્રાહીમભાઈ ભરુચી, મુજાહીદ દીલાવરહુસેન તાસ્તીવાલા, મુસ્તકીમ દીલાવરહુસેન તાસ્તીવાલા, ફેઝલ નુસરતભાઈ ભરુચી, જાવેદ મહંમદહુસેન પુલાવવાલા અને મુસદીક ફતેભાઈ ખાનસાબી સહિતના શખ્સોએ વકીલ અને તેમના બંને મિત્રો સાથે ગાળાગાળી કરી મારામારી શરૂ કરી હતી. ટોળાએ વકીલને ધક્કો મારી નીચે પાડી દીધા હતા અને તેમના મોઢા તથા છાતીના ભાગે લાતો મારી હતી. આ દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. વકીલ અને તેમના મિત્રોએ બૂમાબૂમ કરતાં મસ્જિદના ઉપરના માળે હાજર પોલીસ કર્મચારીઓ તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા. પોલીસ આવતાં હુમલામાં સામેલ શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા. સમગ્ર બનાવ અંગે વાડી પોલીસે સલીમહુસેન મહંમદભાઈ બાજેવાલા સહિત કુલ 10 શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઊંચા વળતર આપવાની લાલચ આપી ઠગાઇ

# ક્રેડિટ કાર્ડ-પર્સનલ લોન લેવડાવી ઠગે શિક્ષકના રૂ.૨૬.૬૧ લાખ પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

ક્રેડિટ કાર્ડમાં રોકાણ કરાવી સારું વળતર આપવાની લાલચ આપી શિક્ષક સાથે રૂ.26.61 લાખની છેતરપિંડી કરાઈ આરોપીએ શરૂઆતમાં સસ્તા ભાવે મોબાઈલ અપાવવાના બહાને વિશ્વાસ કેળવ્યો હતો અને બાદમાં ક્રેડિટ કાર્ડમાંથી રકમ ટ્રાન્સફર કરાવી તેમજ પર્સનલ લોન લેવડાવી રકમ પરત ન આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બિલ કેનાલ રોડ વિસ્તારમાં રહેતા અને DAPS સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા કૈલાસ ઉમેદસિંગ નેગીને એર કન્ડિશન અપાવનાર રીચર્ડ ક્રિશ્ચન મારફતે જીતેન્દ્રસિંગ માનકસિંગ રાજપુરોહિતનો પરિચય થયો હતો. ત્યારબાદ મોબાઈલ ખરીદવા માટે રૂ.25 હજાર ઓનલાઈન ચૂકવ્યા હતા. આ પછી જીતેન્દ્ર રાજપુરોહિતે ક્રેડિટ કાર્ડમાં રોકાણ કરવાથી દર મહિને રૂ.50થી 60 હજારનું વળતર મળવાની લાલચ આપી હતી. આરોપીના કહેવાથી અલગ-અલગ વોલેટ અને બેંક ખાતામાં ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂ.11.53 લાખ ટ્રાન્સફર કરાવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ઉપરાંત રૂ.1 લાખ અને રૂ.1.99 લાખ ઉછીના લેવડાવ્યા તેમજ અલગ-અલગ છ બેંકોમાંથી કુલ રૂ.12.09 લાખની પર્સનલ લોન લેવડાવી હોવાનું જણાવ્યું છે. આમ રૂ.26.61 લાખ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# MSUની પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં પંડિત ભાતખંડેજીની જયંતીની ભવ્ય ઉજવણી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.10

એમએસયુની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના વાદ્ય વિભાગ દ્વારા ગાયન વાદન સભાખંડ ખાતે મહાન સંગીતશાસ્ત્રી પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેજીની જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં રુદ્રવીણા નિર્માતા કિશોરભાઈ મિસ્ત્રી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે 13 ઓગસ્ટે તેમને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે પ્રતિષ્ઠિત સંગીત નાટક અકાદમી એવોર્ડ એનાયત થવાનો છે. રુદ્રવીણા નિર્માણ ક્ષેત્રે આ સન્માન મેળવનાર તેઓ દેશના પ્રથમ કલાકાર બનશે. સંગીત પ્રસ્તુતિમાં વિદ્યાર્થીની તૃપ્તા આલ્હુવાલિયાએ વાયોલિન પર રાગ નટ ભૈરવ અને રાજ કુબાવતે સિતાર પર રાગ મેઘ મલ્હાર રજૂ કર્યો હતો. ધવલ મિસ્ત્રીએ પખાવજ પર આદિ તાલનું વાદન કરી સભાખંડને નાદબ્રહ્મથી ગુંજતો કર્યો હતો. એકલવ્ય ભટ્ટ, રવિ કુબાવત અને મનોજ ભાટિયાએ તબલા અને હાર્મોનિયમ પર સુંદર સાથ આપ્યો હતો. વિભાગીય વડા ડો. વિશ્વાસ સંતે જણાવ્યું કે, પંડિત ભાતખંડેજીએ થાટ પદ્ધતિ દ્વારા શાસ્ત્રીય સંગીતને સુવ્યવસ્થિત અને શિક્ષણયોગ્ય બનાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડો. ફેનિલકુમાર સોની અને જય શિંદેએ કર્યું હતું. આ પ્રસંગે ડીન પ્રો. અજય અષ્ટપુત્રે, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







